સેન્ટ્રલ બેંક ઓફ ઇંડિયા
CENTRAL BANK OF INDIA
ક્ષેત્રીય કાર્યાલય, લાલ દરવાજા, અહમદાબાદ

અમદાવાદ - ૩૮૦૦૦૧.

પઝેશન નોટીસ

પરિશિષ્ટ - ૪ (નિયમ - ૮(૧)) (સ્થાવર મિલકત માટે)

આથી, **સેન્ટ્રલ બેંક ઓફ ઇંડિયા, સિલ્વર ઓક એન્જીનિયરીંગ કોલેજ શાખા, ગોતા, અમદાવાદ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ અંતર્ગત તા. **૦૩.૦૧.૨૦૨૦** ના રોજ ઉધારકર્તા **શ્રી દિવ્યાબેન રમેશભાઈ પટેલ (ઉધારકર્તા અને મોર્ગેજર)** ને માંગણા નોટીસ જારી કરીને નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસોની અંદર બાકી રકમ **રૂા. ૧૦,૮૬,૨૮૮.૦૧ (રૂા. દસ લાખ છયાસી હજાર બસ્સો અડસઠ અને ઈંકોત્તેર પૈસા પુરા)** વત્તા ચડત વ્યાજ સહિત ભરવા જણાવેલ હતું.

ઉધારકર્તા ઉપરોકત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ ૨૦૦૨ના રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૦૨.૦૯.૨૦૨૦** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **સાંકેતિક કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **સેન્ટ્રલ બેંક ઓફ ઇંડિયા** ની રકમ **રૂા. ૧૦,૮૬,૨૮૮.૦૧ (રૂા. દસ લાખ છયાસી હજાર બસ્સો અડસઠ અને ઈંકોત્તેર પૈસા પુરા)** વત્તા તા. ૦૩.૦૧.૨૦૨૦ ના રોજ થી ચડત વ્યાજ અને અન્ય ખર્ચાઓ સાથેના બોજાને આધીન રહેશે. (કલમ ૧૩(૨) હેઠળની ડીમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમની ઈંકેટ આપેલ છે)

"સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે."

સ્થાવર મિલકતનું વર્ણન

શ્રીમતી દિવ્યાબેન રમેશભાઈ પટેલના નામની કાયદેસર ગિરવે મુકેલ મિલકતનો ફલેટ નં. જી/૫૦૨, સ્વસ્તિક સીટી, નારોલ - અસલાલી હાઈવે, લાંબા ટર્નિંગની સામે, નારોલ, અમદાવાદ, ફલેટનું આશરે ક્ષેત્રફળ ૫૭.૧૧ સ્કે. મી. (બિલ્ટ અપ એરીયા), ફાઈનલ પ્લોટ નં. ૧૬/૨/૧, ટી.પી. નં. ૫૮, વટવા આઉટ ફિલ્ડ (પ્રીલીમીનરી), એફ.પી. નં. ૧૬/૨/૨ અને એફ.પી. નં. ૧૬/૨/૩, સર્વે નં. ૪૮૧, અમદાવાદ, ગુજરાત ખાતે આવેલ સમગ્ર મિલકતની **ચતુઃસીમા :- ● પૂર્વે** : કોમન ટેરેસ, **● પશ્ચિમે** : કોમન ગાર્ડન, **● ઉત્તરે** : ફલેટ નં. જી/૫૦૧, **● દક્ષિણે** : બ્લોક નં. એફ.

અધિકૃત અધિકારી,
તારીખ : ૦૨.૦૯.૨૦૨૦, સ્થળ : અમદાવાદ **સેન્ટ્રલ બેંક ઓફ ઇંડિયા**

એરન લિમીટેડ AIRAN

CIN: L74140GJ1995PLC025519
રજિસ્ટર્ડ ઓફીસ નં. ૪૦૮ કિંતીમાન કોમ્પલેક્ષ પાછળ, રેમબ્રાન્ડટી સી.જી.રોડ, અમદાવાદ-૩૮૦૦૦૬. Website: www.airanlimited.in, Email: shares@airanlimited.in

કંપનીની રપમી વાર્ષિક સામાન્ય સભા, ઈમતદાન ની સૂચના

કોવિડ- ૧૯ ની મહામારી ના લીધે સર્જાયેલી પરીસ્થિતિથી ને ધ્યાન માં રાખીને કોઈ એક સ્થળે સભ્યોની શારીરિક હાજરી વિના વિડિયો સંગ્રહન (VC) અથવા અન્ય ઓડિયો વિડિયો માધ્યમ (OAVM) દ્વારા વાર્ષિક સામાન્ય સભા યોજવા માટે કોર્પોરેટ બાબતોનું મંત્રાલય દ્વારા તારીખ ૮ મી એપ્રિલ ૨૦૨૦ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦, તારીખ ૧૩ મી એપ્રિલ ૨૦૨૦ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૧૭/૨૦૨૦ પ્રમાણે એરન લિમિટેડ ના સભ્યોની (રપમી) વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) શનિવાર તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૨૦ એ સવારનાં ૦૯.૦૦ વાગ્યે ૨૫ મી એજીએમની સૂચનામાં જણાવ્યા મુજબનાં સામાન્ય વ્યવસાયો અને વિશેષ વ્યવસાયનો વ્યવહાર મંજૂર કરવા માટે VC / OAVM દ્વારા યોજવામાં આવશે.

ઉપર જણાવેલા કોર્પોરેટ બાબતોનું મંત્રાલય નાં પરિપત્રો પ્રમાણે અને સેબી દ્વારા તારીખ ૧૨ મી મે ૨૦૨૦ ના રોજ જારી કરાયેલ પરિપત્ર નં. સેબી/એચઓ/સીએફડી/સીએમડી૧/સીઆઈઆર/પી/૨૦૨૦/૭૯, વાર્ષિક અહેવાલ ૨૦૧૯-૨૦ અને રપમી એજીએમની સૂચના ફક્ત તે જ સભ્યોને ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા મોકલવામાં આવી રહી છે, જેમના ઇમેઇલ સરનામાંઓ કંપની / ડિપોઝિટરીઝમાં શુક્રવાર તારીખ ૨૮ મી ઓગસ્ટ, ૨૦૨૦ ના રોજ નોંધાયા છે. સભ્યોને નોંધ લેવા વિનંતિ છે કે વાર્ષિક અહેવાલ ૨૦૧૯-૨૦ અને ૨૫ મી એજીએમની સૂચના કંપનીની વેબસાઇટ **www.airanlimited.in**, પર, એન.એસઈ લિમિટેડની વેબસાઇટ **www.nseindia.com** પર અને નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (એનએસડીએલ) ની વેબસાઇટ **www.evoting.nsdl.com** પર પણ મુકવામાં આવ્યા છે.

ઉપર જણાવેલા કોર્પોરેટ બાબતોનું મંત્રાલય નાં પરિપત્રો પ્રમાણે એ બધા સભ્યો કે જે ડીમેટ સ્વરૂપમાં અથવા ભૌતિક સ્વરૂપમાં કંપનીના ઇક્વિટી શેર ધરાવે છે અને પોતાનાં ઇ-મેઇલ સરનામાં નથી નોંધાવ્યા જેના લીધે વાર્ષિક અહેવાલ ૨૦૧૯-૨૦ અને ૨૫ મી એજીએમની સૂચના નથી મોકલી શકાઇ એ સભ્યો અસ્થાયીરૂપે તેમના ઇ-મેઇલ સરનામા કંપની સાથે આ પ્રમાણે નોંધાવી શકે છે, (એ) જો ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવો છો તો શેરધારકનું નામ, શેર પ્રમાણપત્રની સ્કેન કરેલી નકલ (આગળ અને પાછળ), પાન (પાનકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ), આધાર (આધારકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ) **shares@airanlimited.in**, પર ઇ-મેઇલ કરી ને, (બી) જો ડીમેટ સ્વરૂપમાં ધરાવો છો તો નામ, **DPID-CLID (16 અંકનો DPID + CLID** અથવા **16** અંકોના લાભાર્થી **ID**), ક્લાયંટ માસ્ટર અથવા કન્સોલિડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટની નકલ, પાન (પાનકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ), આધાર (આધારકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ) **www.airanlimited.in**, પર ઇ-મેઇલ કરીને, ૩) અથવા તો સભ્યો પોઈન્ટ (એ) અથવા (બી) માં જણાવેલ વિગતો ઇ-મેઇલ દ્વારા **evoting@nsdl.co.in** પર મોકલીને યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવા માટે વિનંતી કરી શકે છે.

ઇ-મેઇલ સરનામાંની સફળ નોંધણી પછી, સભ્ય ને ૨૫ મી એજીએમ સંદર્ભે વાર્ષિક અહેવાલ ૨૦૧૯-૨૦ અને ૨૫ મી એજીએમની સૂચના ની ઇલેક્ટ્રોનિક નકલો, યુઝર આઇડી અને પાસવર્ડ અને ઇલેક્ટ્રોનિક મતદાન માટેની પ્રક્રિયા તેમને ઇલેક્ટ્રોનિક મતદાન માટે સક્ષમ બનાવવા માટે મોકલવામાં આવશે. કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, સભ્યો **shares@airanlimited.in**, પર કંપનીને વિનંતી કરી શકે છે. શેરધારકોને વિનંતી છે કે તેઓ તેમની સંપૂર્ણ બેંક વિગતો અને ઇમેઇલ આઈડી નોંધણી / અપડેટ કરવા માટે તેમના ડિપોઝિટરી સહભાગીઓ, જેમની સાથે તેઓ ડિમટીરીયલાઇઝડ સ્વરૂપમાં હિસ્સો ધરાવે છે, તેને જરૂરી દસ્તાવેજો આપી ને તેમના ડિમેટ ખાતાની જાળવણી કરે.

એ બધા સભ્યો કે જેમના નામ શનિવાર, તારીખ ૧૯ મી સપ્ટેમ્બર, ૨૦૨૦ (નક્કી કરેલી તારીખ) ના રોજ કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ દ્વારા જાળવવામાં આવેલા સભ્યોના રજિસ્ટરમાં અને ડિપોઝિટરીઓ પાસેથી પ્રાપ્ત થયેલા લાભદાયી માલિકો દેખાય છે ફક્ત એ જ સભ્યો દૂરસ્થ ઇલેક્ટ્રોનિક મતદાન અને ૨૫ મી વાર્ષિક સામાન્ય સભા નાં દિવસે ઇલેક્ટ્રોનિક મતદાન ની સુવિધાનો લાભ મેળવવાના હકદાર રહેશે.

કંપનીઓનો ધારો, ૨૦૧૩ ("ધારો") ની કલમો ૧૦૮ ની જોગવાઈઓ અને અન્ય લાગુ જોગવાઈઓને અનુસરીને અને કંપનીઓ (સંચાલન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ (સમય-સમય પર સુધારેલ મુજબ) ("નિયમો) ના નિયમો ૨૦ ને સાથે વાંચીને અને સેબી (સૂચિબદ્ધ જવાબદારી અને જાહેરાત આવશ્યકતાઓ) નિયમનો, ૨૦૧૫ (સેબી સૂચિઓ નિયમો) ના નિયમન ૪૪ અને અન્ય લાગુ કાયદા અને નિયમો ધ્યાનમાં રાખીને, કંપની તેના સભ્યોને ૨૫ મી એજીએમમાં વ્યવસાયોને વ્યવહાર કરવા માટે દૂરસ્થ ઇલેક્ટ્રોનિક મતદાન અને ૨૫ મી વાર્ષિક સામાન્ય સભા નાં દિવસે ઇલેક્ટ્રોનિક મતદાન ની સુવિધા પ્રદાન કરી રહી છે. કંપનીએ તમામ સભ્યોને ઇલેક્ટ્રોનિક મતદાન ની સુવિધા આપવા માટે નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ("એનએસડીએલ") સાથે કરાર કર્યો છે.

સભ્યો નોંધી શકે છે કે દૂરસ્થ ઇલેક્ટ્રોનિક મતદાન બુધવાર, તારીખ ૨૩ મી સપ્ટેમ્બર, ૨૦૨૦ નાં રોજ સવારનાં ૦૯:૦૦ વાગ્યા થી શરૂ થશે અને શુક્રવાર, તારીખ ૨૫ મી સપ્ટેમ્બર, ૨૦૨૦ નાં રોજ સાંજનાં ૦૫:૦૦ વાગતાં (બંને દિવસો સહિત) પૂર્ણ થશે. આ સમયગાળા દરમિયાન, એ બધા સભ્યો કે જેમના નામ નક્કી કરેલી તારીખ ના રોજ કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ દ્વારા જાળવવામાં આવેલા સભ્યોના રજિસ્ટરમાં અને ડિપોઝિટરીઓ પાસેથી પ્રાપ્ત થયેલા લાભદાયી માલિકો દેખાય છે ફક્ત એ જ સભ્યો દૂરસ્થ ઇલેક્ટ્રોનિક મતદાન અને ૨૫ મી વાર્ષિક સામાન્ય સભા નાં દિવસે ઇલેક્ટ્રોનિક મતદાન ની સુવિધાનો લાભ મેળવવાના હકદાર રહેશે અને આવા સભ્યો ઇલેક્ટ્રોનિક રીતે પોતાનો મત આપી શકશે. ત્યારબાદ એનએસડીએલ દ્વારા દૂરસ્થ ઇલેક્ટ્રોનિક મતદાન કરવા માટે ઇ-મતદાન મોડ્યુલ અક્ષમ કરવામાં આવશે. એકવાર સભ્ય દ્વારા ઠરાવ પર મત આપ્યા પછી, તે / તેણીને પછીથી બદલવાની અથવા ફરીથી મત આપવાની મંજૂરી આપવામાં આવશે નહીં. વાર્ષિક સામાન્ય સભા નાં દિવસે ઇલેક્ટ્રોનિક મતદાન ની સુવિધા આપવામાં આવશે. જે સભ્યોએ ૨૫ મી એજીએમ પહેલાં દૂરસ્થ ઇલેક્ટ્રોનિક મતદાન દ્વારા પોતાનો મત આપ્યો છે તે પણ ૨૫ મી એજીએમ માં હાજર રહી શકે છે પરંતુ તેઓ ફરીથી મતદાન કરવાનો હકદાર રહેશે નહીં. દૂરસ્થ ઇલેક્ટ્રોનિક મતદાન / ઇલેક્ટ્રોનિક મતદાન માટેની વિગતવાર પ્રક્રિયા ૨૫ મી એજીએમની સૂચનામાં આપવામાં આવેલી છે.

કોઈપણ વ્યક્તિ, જે કંપનીના શેરો એજીએમની સૂચના મોકલ્યા પછી મેળવે છે અને નક્કી કરેલી તારીખ પર ધરાવે છે, તે **evoting@nsdl.co.in** અથવા e-mail to **shares@airanlimited.in**, પર વિનંતી મોકલીને યુઝર આઇડી અને પાસવર્ડ અને ઇલેક્ટ્રોનિક મતદાન માટેની પ્રક્રિયા મેળવી શકશે. જો કે, જો તમે દૂરસ્થ ઇલેક્ટ્રોનિક મતદાન માટે પહેલેથી જ એનએસડીએલ સાથે નોંધાયેલ છે, તો પછી તમે તમારા મત આપવા માટે તમારી હાલની યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકો છો. જો તમે તમારો પાસવર્ડ ભૂલી ગયા છો, તો તમે **www.evoting.nsdl.com** પર ઉપલબ્ધ "પાસવર્ડ ભૂલી ગયા છો" વિકલ્પનો ઉપયોગ કરીને તમારો પાસવર્ડ ફરીથી સેટ કરી શકો છો.

દૂરસ્થ ઇલેક્ટ્રોનિક માધ્યમને લગતાં કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, તમે સભ્યો દ્વારા વારંવાર પૂછાતા પ્રશ્નો **(FAQs)** નો સંદર્ભ લો અને **www.evoting.nsdl.com** ના ડાઉનલોડ વિભાગ પર ઉપલબ્ધ સભ્યોમાટે દૂરસ્થ ઇલેક્ટ્રોનિક મતદાન વપરાશકર્તા માર્ગદર્શિકા અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૨૨-૯૯૦ પર ફોન કરી શકો છો અથવા **evoting@nsdl.co.in** પર વિનંતી મોકલી શકો છો. સભ્યો કંપનીની કોર્પોરેટ ઓફિસ પર શ્રી સ્તુતી કિનારીવાલા, કંપની સચિવ અને પાલન અધિકારી, નો સંપર્ક પણ કરી શકે છે અથવા **shares@airanlimited.in** પર ઇ-મેઇલ લખી શકે છે અથવા વધુ સ્પષ્ટતા માટે +૯૧-૭૯-૨૬૪૧૨૨૩૩ ફોન કરી શકે છે.

સભ્યો ફક્ત VC / OAVM સુવિધા દ્વારા વાર્ષિક સામાન્ય સભામાં ભાગ લઈ શકે છે. વાર્ષિક સામાન્ય સભામાં જોડાવા માટેની સૂચના ૨૫ મી વાર્ષિક સામાન્ય સભાની સૂચનામાં આપવામાં આવી છે. જો સભ્યો ને ૨૫ મી એજીએમમાં ભાગ લેવા સંબંધિત કોઈ પ્રશ્નો અથવા સમસ્યાઓ છે, તો તમે **evoting@nsdl.co.in** પર ઇમેઇલ લખી શકો છો અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૨૨-૯૯૦ પર ફોન કરી શકો છો. VC / OAVM દ્વારા એજીએમમાં ભાગ લેનારા સભ્યોની ગણતરી કંપનીઓનો ધારો, ૨૦૧૩ ની કલમ ૧૦૩ હેઠળ કોરમની ગણતરીના હેતુ માટે કરવામાં આવશે.

ફોર, એરન લિમિટેડ
Sd/-
સ્થળ : અમદાવાદ **સંદિપકુમાર વિશ્વનાથ અગ્રવાલ**
તારીખ : ૦૪/૦૯/૨૦૨૦ **ચેરમેન અને મેનેજર ડિરેક્ટર**

KIFS

CIN : L67990GJ1995PLC025234;
ફોન : +૯૧ ૭૯ ૨૬૪૦૦૧૪૦, ૭૪૦
ઇમેઇલ: cs@kifs.co.in, **વેબસાઇટ:** www.kifsfinance.com

રપમી વાર્ષિક સામાન્ય સભા, બુક ક્લોઝર અને ઇ-વોટિંગની જાહેર સુચના

આથી સુચના આપવામાં આવે છે કે કંપનીમાં ૨ પમી વાર્ષિક સામાન્ય સભા મંગળવાર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ સાંજે ૪.૦૦ વાગે વિડિયો કોન્ફરન્સિંગ (વીસી) અથવા અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો દ્વારા, કંપનીસ એક્ટ, ૨૦૧૩ અને એમસીએ દ્વારા રજુ કરેલ પરિપત્ર નં. ૧૪/૨૦૨૦, ૧૭/૨૦૨૦ અને ૨૦/૨૦૨૦ તેમના તારીખ ૮મી એપ્રિલ, ૨૦૨૦, ૧૩મી એપ્રિલ ૨૦૨૦ અને ૫મી મે, ૨૦૨૦ના રોજ અનુક્રમે અને સેબી દ્વારા રજૂ કરાયેલ પરિપત્ર નં. SEBI/HO/CFD/ CMD1/CIR/P/2020/79 ને અનુસરીને મતલબ કે કોઈ સામાન્ય સ્થળે સભ્યોની શારિરીક હાજરી વીના કરવામાં આવશે.

કંપની તેના સર્વ હોલ્ડર્સને સભામાં હાજર રહેવા માટે વીસીની અને વોટ કરવા માટે રિમોટ ઇ-વોટિંગની સુવિધા આપે છે. સભાની સુચનાના જણાવેલ ઠરાવ રિમોટ ઇ-વોટિંગ (શનિવાર, સપ્ટેમ્બર ૨૬, ૨૦૨૦ સવારે ૯ વાગે ISTથી સોમવાર, સપ્ટેમ્બર ૨૮, ૨૦૨૦, સાંજે ૫ વાગે IST સુધી) અને સભા વખતે આપેલ વોટિંગ સુવિધા દ્વારા પસાર કરવામાં આવશે. તેના પછી એનએસડીએલ દ્વારા રિમોટ ઇ-વોટિંગની સુવિધા આપવામાં આવશે નહીં.

શેરહોલ્ડર્સ જે કટ ઓફ તારીખ મંગળવાર, સપ્ટેમ્બર ૨૨, ૨૦૨૦ના રોજ શેર હોલ્ડ કરતા હશે અને એવા શેર હોલ્ડર્સ જેને એમની મેઇલ આઇડી કંપની પાસે ના હોવાથી સભાની નોટિસ નથી મળી તેના શેર હોલ્ડર્સ તેમના મત આપવાના અધિકારનો ઉપયોગ રિમોટ ઇ-વોટિંગ માટે સભા દરમિયાન વોટિંગ કરવા માટે અને ડિવિડંડ તેમના બેંક ખાતામાં ઇસીએસ દ્વારા મેળવવા માટે સભાની નોટિસ જણાવેલ સુચનાનું પાલન કરી શકે છે.

જે શેર હોલ્ડર્સ એ એમાનો ઇ-મેઇલ કંપની પાસે રજીસ્ટર નથી કરાવ્યો તેમને વિનંતી છે કે કંપની દ્વારા આગળની સુચના મેઇલમાં પ્રાપ્ત કરવા માટે નીચેના પગલાનું પાલન કરે :

(૧) શારીરિક હોલિંગ માટે	સભ્યનું નામ અને સરનામું, મોબાઈલ નંબર, ઇ-મેઇલ આઇડી, પાનકાર્ડની સ્વ-પ્રમાણિક નકલ, અને કોઈપણ દસ્તાવેજની સ્વ. પ્રમાણિત નકલ (દા.ત. પ્રાઈવિંગ લાઇસન્સ, ચૂંટણી ઓળખકાર્ડ, પાસપોર્ટ) સભ્યના સરનામાંના સમર્થનમાં ઉલ્લેખ કરતો સહી કરેલ વિનંતી પત્ર cs@kifs.co.in અને ahmedabad@linkintime.co.in પર ઇ-મેઇલ દ્વારા મોકલો.
(૨) ડીમેટ હોલિંગ માટે	પ્રાધાન્ય તમારા ડિપોઝિટરી સહભાગીઓ સાથે નોંધણી કરાવો અથવા ઉપરના દસ્તાવેજો + સ્વ. પ્રમાણિત ડીપી આઇડી અને ક્લાઇંટ આઇડી અને ક્લાઇંટ માસ્ટર અને કોન્સોલીડેટેડ સ્ટેટમેન્ટ cs@kifs.co.in અને ahmedabad@linkintime.co.in પર ઇ મેઇલ દ્વારા મોકલો.

શેર હોલ્ડર્સ તેમના વોટિંગ કરવા માટેના આઇડી અને પાસવર્ડ લેવા માટે વાપરેજણાવી લે દસ્તાવેજો સાથે evoting@nsdl.co.in પર મેઇલ કરી શકે છે.

લાગુ પડતી જોગવાઈઓને અનુસરીને જો સભામાં ડિવિડંડ જાહેર થાય તો તે આપવા માટે અને રિમોટ ઇ-વોટિંગની સુવિધા અને સભામાં વીસી દ્વારા હાજર રહેવા માટે એવા શેર હોલ્ડર્સને જ અનુમતી આપવામાં આવશે જે કટ ઓફ તારીખ મંગળવાર, સપ્ટેમ્બર ૨૨, ૨૦૨૦ના રોજ શેરહોલ્ડર્સ હશે. અને આ હેતુ માટે રજીસ્ટર ઓફ મેમ્બર અને શેર ટ્રાન્સફર બુક્સ બુધવાર, ૨ ૩મી સપ્ટેમ્બર, ૨૦૨૦થી મંગળવાર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૦ (બંને દિવસના સમાવેશ કરીને) બંધ રહેશે. જે શેરહોલ્ડર્સ એ સભાની સુચના મોકલ્યા પછી શેર લીધા છે તે સભાની સુચનામાં જણાવેલ પગલાને અનુસરીને ઇ-વોટિંગની સુવિધા અને સભામાં વીસી દ્વારા હાજર રહેવાની સુવિધાનો લાભ લઈ શકે છે. શેર હોલ્ડર્સ જેઓએ રિમોટ ઇ-વોટિંગ દ્વારા મત આપ્યો હશે તે સભામાં હાજર રહી શકશે પણ ફરીથી મત આપી શકશે નહીં.

૨૦૧૯-૨૦ના વાર્ષિક અહેવાલની ઇલેક્ટ્રોનિક નકલ જેમાં નોટિસનો સમાવેશ થાય છે અને જેમાં વીસી અને ઇ-વોટિંગ દ્વારા સભામાં હાજરી આપવાની પ્રક્રિયા અને રીત શામેલ છે, તે બધા સભ્યોને નિયત સમયે મોકલવામાં આવશે જેમના ઇ-મેઇલ કંપની અથવા ડિપોઝિટરી પાર્ટિસીપેંટ સાથે નોંધાયેલ હશે. વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ www.kifsfinance.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com પર પણ ઉપલબ્ધ હશે અને જે ૩ સપ્ટેમ્બર, ૨૦૨૦ પછી ડાઉનલોડ કરી શકાશે.

જે સભ્યોને સભા પહેલા અથવા સભા દરમિયાન ઇ-વોટિંગ માટે સહાયતા જરૂર હોય તેઓ NSDL ને evoting@nsdl.co.in અથવા ૧૮૦૦-૨૨૨-૯૯૦ પર અથવા શ્રી અમીત વિશાલ, સિનિયર મેનેજરને amitv@nsdl.co.in પર અથવા ૦૨૨-૨૪૯૯૪૩૬૦ અથવા +૯૧ ૯૯૨૦૨૬૪૩૮૦ પર અથવા શ્રી સાગર ઘોસાલકર, સહાયક મેનેજરને સાગર sagar.ghosalkar@nsdl.co.in પર અથવા ૦૨૨-૨૪૯૯૪૫૫૩ પર અથવા +૯૧ ૯૩૨૬૭૮૧૪૬૩ પર સંપર્ક કરી શકે છે.

કેચાઘ્યેફ્યેસ ફાયનાન્સિયલ સર્વિસિસ લીમીટેડ કંપની વતી, **સજેજા પી. ખાંડવાલા,**
મેનેજિંગ ડિરેક્ટર, DIN : 00477673, **અમદાવાદ, ૩જીસપ્ટેમ્બર, ૨૦૨૦**

સિલ્વરટચ ટેકનોલોજીસ લિમિટેડ

CIN: L72200GJ1995PLC024465
રજી.ઓફિસ: રજો માળ, સેફોન બિલ્ડીંગ, પંચવટી સર્કલની બાજુમાં, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬, (ગુજરાત) ● ટેલિ.:+૯૧ ૦૭૯ ૪૦૦૨ ૨૭૭૦
વેબસાઈટ: www.silvertouch.com • Email:cs@silvertouch.com

૨૬મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ તથા રીમોટ ઈ-વોટીંગની માહિતી

આથી નોટીસ આપવામાં આવે છે કે **સિલ્વરટચ ટેકનોલોજીસ લિમિટેડ**ના સભ્યોની **૨૬મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) બુધવાર, સપ્ટેમ્બર ૩૦, ૨૦૨૦ના રોજ સવારે ૧૧:૩૦** કલાકે કંપની ધારા ૨૦૧૩ની જોગવાઈઓ અને મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ ના મે ૨૦૨૦ ના પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ તથા એપ્રિલ ૮, ૨૦૨૦ અને એપ્રિલ ૧૩, ૨૦૨૦ના પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ અને ૧૭/૨૦૨૦ તથા સિક્યોરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના મે ૧૨, ૨૦૨૦ના પરિપત્ર નં. ના **SEB/Ho/CFD/CMDI/CIR/P/2020 /79** અન્વયે વિડિયો કોન્ફરન્સ **(VC)** / અન્ય ઓડીયો વિઝ્યુઅલની **(OAVM)** દ્વારા યોજાશે. જેમાં ૨૬મી એજીએમ બોલાવવાની નોટીસમાં દર્શાવ્યા મુજબના સામાન્ય તથા વિશેષ બાબતો ધ્યાનમાં લેવાશે.

ઉપર જણાવેલ પરિપત્રોનું પાલન કરતા એજીએમની નોટીસો તથા ૨૦૧૯-૨૦ના વાર્ષિક અહેવાલ જેમાં એજીએમ **VC** થી હાજર રહેવા તથા ઈ-વોટીંગની પ્રક્રિયા દર્શાવેલ છે તે સભ્યોને ફક્ત ઈલેક્ટ્રોનિક માધ્યમથી મોકલવામાં આવશે. જેમના ઈ-મેઈલ આઈડી કંપની તથા ડીપોઝીટરી પાર્ટીસીપેન્ટ સમક્ષ નોંધાયેલા છે. આ તમામ વિગતો કંપનીની વેબસાઈટ www.silvertouch.com ઉપર પણ ઉપલબ્ધ છે. તથા સ્ટોક એક્સચેન્જ વેબસાઈટ એટલે કે www1.nseindia.com/emerge અને સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડની વેબસાઈટ કે www.evotingindia.com પર ઉપલબ્ધ છે.

કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૮ની જોગવાઈઓ તથા સુધારા સહિતના કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ, ૨૦૧૪ના નિયમ ૨૦ તેમજ સેબી (લિસ્ટીંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્કલોઝર રીકવાયરમેન્ટસ) નિયમો, ૨૦૧૫ના રેગ્યુલેશન ૪૪ મુજબ કંપની તેના સભ્યોને એજીએમની નોટીસમાં દર્શાવેલી બાબતો માટે **VC** દ્વારા ભાગ લેવા માટે અને રીમોટ ઈ-વોટીંગ તથા એજીએમના સમયે ઈ-વોટીંગ કરવા માટેની સુવિધા આપશે. કંપનીએ ઈ-વોટીંગની સુવિધા આપવા માટે સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસિસ (ઈન્ડિયા) લિમિટેડની સુવિધા લીધી છે. મતના અધિકારો સભ્યો પાસે બુધવાર, સપ્ટેમ્બર ૨૩, ૨૦૨૦ના રોજની સ્થિતિ મુજબ રહેલ શેરની સંખ્યાના આધારે પ્રમાણસર ગણાશે. (કટ ઓફ તારીખ)

જે સભ્યોએ તેમના ઈ-મેઈલ એડ્રેસ કંપની સાથે રજીસ્ટર ના કરાવ્યા હોય તેમને રજીસ્ટર કરાવવા વિનંતી. ઈ-મેઈલ એડ્રેસ રજીસ્ટર કરાવવા માટે સભ્યોએ નીચે મુજબના પગલાં લેવા.

● ફિઝીકલ સ્વરૂપે શેર ધરાવતા સભ્યોએ તેમનું નામ, ફોલિયો નંબર, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ, શેર સર્ટીફીકેટ (બંને બાજુ) ની સ્કેન કરેલી નકલ, સ્વ પ્રમાણિત પાન અને આધાર કાર્ડ ઈ-મેઈલ દ્વારા cs@silvertouch.com પર મોકલવાના રહેશે.

● ડિમેટ સ્વરૂપે શેર ધરાવતા સભ્યોએ તેમનું નામ, ડિપોઝીટરી પાર્ટીસિપેન્ટ આઈ.ડી. અને ક્લાયન્ટ આઈ.ડી., મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ, સ્વ પ્રમાણિત ક્લાઈન્ટ માસ્ટરની અથવા કન્સોલિડેટેડ એકાઉન્ટની સ્કેન કરેલી નકલ ઈ-મેઈલ દ્વારા cs@silvertouch.com પર મોકલવાના રહેશે.

● એજીએમની નોટીસ મોકલી આપ્યા પછી કોઈ વ્યક્તિ કંપનીના સભ્ય બન્યા હોય તો તેઓએ helpdesk.evoting@cdslindia.com પર ઈ-મેઈલથી વિનંતી કરી યુઝર આઈડી તથા પાસવર્ડ પ્રાપ્ત કરવાના રહેશે. આમ છતાં, એ વ્યક્તિ CDSL સાથે ઈ-વોટીંગ માટે અગાઉથી જ નોંધાયેલ હોય તો તેઓ પોતાનાં એ જ યુઝર આઈડી તથા પાસવર્ડના ઉપયોગથી પોતાનો મત આપી શકે છે. કૃપયા નોંધ લેશો કે કટ-ઓફ તારીખના રોજ ડીપોઝીટરી દ્વારા સભ્યોના રજીસ્ટરમાં અથવા તો બેનિફિશિયલ માલિકોનાં રજીસ્ટરમાં જેમનાં નામ નોંધાયેલા હશે તે વ્યક્તિઓને જ રીમોટ ઈ-વોટીંગ કે એજીએમના સમયે મત આપવાનો અધિકાર મળશે.

● રીમોટ ઈ-વોટીંગના સમયગાળાની શરૂઆત શનિવાર, સપ્ટેમ્બર ૨૬, ૨૦૨૦ (સવારે ૯:૦૦) થી શરૂ થશે અને મંગળવાર, સપ્ટેમ્બર ૨૯, ૨૦૨૦ (સાંજે ૫:૦૦) એ પુરી થશે. આ સમયગાળા દરમિયાન કટ-ઓફ તારીખે જે સભ્યો શેર ધરાવતા હોય તો તેઓ જ એજીએમની નોટીસમાં દર્શાવ્યા મુજબની રીતે અને તે પ્રક્રિયાથી ઈલેક્ટ્રોનિકલી મત આપી શકશે. એ પછી રીમોટ ઈ-વોટીંગ મોડયુલ વોટ